**કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ હાલોલ અને કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ અમરેલી,**
**ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલમાં ચાલતા**
**બી.એસસી.(ઓનર્સ) નેચરલ ફાર્મિંગમાં રૂબરૂ પ્રવેશ**
**અંગેની જાહેરાત વર્ષ ૨૦૨૬-૨૭**

રૂબરૂ કાઉન્સેલિંગ માટેનું સ્થળ : કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ હાલોલ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ

**સ્નાતક કક્ષાના અભ્યાસક્રમો માટે ચોથા ઓફલાઈન રાઉન્ડ બાદ** નેચરલ ફાર્મિંગ, ગુ.ને.ફા.સા.યુ.,હાલોલમાં ખાલી રહેલ જગ્યાઓ માટે નીચે આપેલ મેરીટ યાદીમાં સમાવિષ્ટ વિદ્યાર્થીઓનો રૂબરૂ કાઉન્સેલિંગ તા. ૦૫/૧૦/૨૦૨૬ અને તા. ૦૬/૧૦/૨૦૨૬ ના રોજ સવારે ૯.૦૦ કલાકે કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ હાલોલ, ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ખાતે હાથ ધરવામાં આવનાર છે.

**જે બી.એસસી.(ઓનર્સ) નેચરલ ફાર્મિંગ અભ્યાસક્રમમાં ખાલી રહેલ બેઠકોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા હોય તેઓને નીચે દર્શાવેલ કાર્યક્રમ પ્રમાણે હાજર રહેવા જણાવવામાં આવે છે. નીચે દર્શાવેલ મેરીટ યાદીમાં ક્રમ નંબર પ્રમાણે રૂબરૂ કાઉન્સેલિંગ માટે બોલાવવામાં આવશે, જેમાં વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ભરેલ ઓનલાઇન ફોર્મની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો તથા દરેક પ્રમાણપત્રોની પ્રમાણિત નકલોનો એક સેટ સાથે હાજર રહેવાનું રહેશે.**

કાઉન્સેલિંગ વખતે પ્રવેશ મળ્યેથી તુરત જ ફી (વિદ્યાર્થીઓ માટે રૂા. ૧૩૭૦૦/- તેમજ વિદ્યાર્થીનીઓ માટે રૂા. ૮૭૦૦/-) કાઉન્સેલિંગ સ્થળ પર જ ભરવાની રહેશે. ફી નહિ ભરનારનો પ્રવેશ આપોઆપ રદ થશે.

રૂબરૂ કાઉન્સેલિંગના નિયત કરેલ સમય કરતા મોડા આવનાર વિદ્યાર્થીઓને જે તે સમયે ઉપલબ્ધ સીટ મેટ્રીક્ષ પ્રમાણે મેરીટના આધારે ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપવામાં આવશે. ખાલી સીટો ભરાઈ ગયા બાદ એડમિશન પ્રક્રિયા પૂર્ણ ગણવાની રહેશે.

| બી.એસસી.(ઓનર્સ) નેચરલ ફાર્મિંગ | | | |
|---|---|---|---|
| તારીખ (વાર) | ક્રમ નંબર (Sr. No.) | કાઉન્સેલિંગ સમય | કાઉન્સેલિંગ સ્થળ |
| **૦૫/૧૦/૨૦૨૬ (સોમવાર)** | **૧ થી ૫૦૦ (હાલોલ કોલેજ) (ગુજરાત બોર્ડ મેરીટ)** | **રીપોર્ટિંગ સમય : ૯:૦૦ કલાકે કાઉન્સેલિંગ સમય : ૧૦:૦૦ થી ૫:૦૦** | પી.જી.કોન્ફરન્સ હોલ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ |
| | **૧ થી ૫૦૦ (અમરેલી કોલેજ) (ગુજરાત બોર્ડ મેરીટ)** | **રીપોર્ટિંગ સમય : ૯:૦૦ કલાકે કાઉન્સેલિંગ સમય : ૧૦:૦૦ થી ૫:૦૦** | યુનિવર્સિટી ભવન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ |
| **૦૬/૧૦/૨૦૨૬ (મંગળવાર)** | **૫૦૧ થી ૧૦૪૨ (All) (હાલોલ કોલેજ) (ગુજરાત બોર્ડ મેરીટ)** | **રીપોર્ટિંગ સમય : ૯:૦૦ કલાકે કાઉન્સેલિંગ સમય : ૧૦:૦૦ થી ૫:૦૦** | પી.જી.કોન્ફરન્સ હોલ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ |
| | **૫૦૧ થી ૯૭૧ (All) (અમરેલી કોલેજ) (ગુજરાત બોર્ડ મેરીટ)** | **રીપોર્ટિંગ સમય : ૯:૦૦ કલાકે કાઉન્સેલિંગ સમય : ૧૦:૦૦ થી ૫:૦૦** | યુનિવર્સિટી ભવન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલ |

નોંધ:

- ઉપરોકત પ્રવેશ ફકત મેરીટના આધારે જ આપવામાં આવશે તેમજ ખાલી બેઠકો ભર્યા બાદ એડમિશન પ્રક્રિયા પૂર્ણ કરી દેવામા આવશે.
- વિદ્યાર્થીઓને ઉપલબ્ધ ખાલી બેઠકો ઉપર જ પ્રવેશ આપી શકાશે.
- રૂબરૂ પ્રવેશ માટે બોલાવેલ તમામ ઉમેદવારોને પ્રવેશ મળશે જ તે અંગેની ખાત્રી પ્રવેશ સમિતિ આપતી નથી.
- રૂબરૂ કાઉન્સેલીંગમાં વિદ્યાર્થીઓ/ વાલીઓએ સ્વ-ખર્ચે હાજર રહેવાનુરહેશે.
- વિદ્યાર્થીઓએ રિપોર્ટિંગ સમય કરતા ૩૦ મિનીટ પહેલા ઉપર મુજબના સ્થળ ખાતે અચૂક હાજર રહેવું.

કુલસચિવ
ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી,
હાલોલ